# PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| જગ્યાનુ નામ: | Sub Inspector, Instructor (Class-III) |
| જાહેરાત ક્રમાંક: | ૧૮૭/૨૦૨૦-૨૧ |
| વિષય: | પેપર-૧ થી પેપર-૪ (મુખ્ય પરીક્ષા) |
| પરીક્ષાની તારીખ: | ૦૨/૦૫/૨૦૨૩ થી ૦૫/૦૫/૨૦૨૩ |
| કુલ પ્રશ્નો: | ૦૦૧-૧૦૦ |
| પ્રસિદ્ધિની તારીખ: | ૧૦/૦૫/૨૦૨૩ |
| સુચનો મોકલવાની અંતિમ તારીખ: | ૧૬/૦૫/૨૦૨૩ |

## ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજુઆતો ધ્યાને લેવાશે નહીં.

(1) ઉમેદવારે વાંધા-સૂચનો નિયત કરવામાં આવેલ વાંધા-સુચન પત્રકથી રજૂ કરવાના રહેશે.

(2) ઉમેદવારે પ્રશ્નપ્રમાણે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઇટ પર પ્રસિદ્ધ થયેલ નિયત વાંધા-સૂચન પત્રકના નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતાં તમામ વાંધા-સૂચનો વેબસાઇટ પર પ્રસિદ્ધ થયેલ પ્રોવિઝન આન્સર કીના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચન ધ્યાને લેવામાં આવશે નહીં.

**(5) ઉમેદવારે જે પ્રશ્નના વિકલ્પ પર વાંધા રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઇએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચન ધ્યાનમાં લેવાશે નહીં.**

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સુચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચન પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજુઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાનમાં લેવાશે નહીં.

**(7) પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવાર જ વાંધા-સુચન રજૂ કરી શકશે.**

(8) ઉમેદવારે વાંધા-સુચન સાથે પોતાની જવાબવહીની નકલ બિડાણ કરવાની રહેશે.

પ્રશ્નપુસ્તિકા કોડ | This Question Booklet Contains 16 Printed Pages આ પ્રશ્નપત્રમાં કુલ 16 છાપેલા પાનાં છે.

# A

પેપર કોડ **HSI:4**

પ્રશ્નપુસ્તિકા નંબર

**વિષય : લીગલ મેટર**
**પરીક્ષા તારીખ : 05-05-2023**

| | | | |
|---|---|---|---|
| સમય | : 90 મિનિટ | Time | : 90 Minutes |
| કુલ પ્રશ્નો | : 100 | Total Que. | : 100 |
| કુલ ગુણ | : 100 | Total Marks | : 100 |

**ઉમેદવારનો બેઠક નંબર**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

## તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી.

(01) આ પ્રશ્નપત્રમાં કુલ **100** પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર **A, B, C** અને **D** પૈકી કોઈ એક છે. ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે **OMR** ઉત્તરપત્રમાં વિકલ્પ **E** આપેલ છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. આ સાથે અલગ આપેલ **OMR** ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.

**ઉદાહરણ તરીકે :**

**ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?**

A) સરદાર પટેલ B) સુભાષચંદ્ર બોઝ

C) મહાત્મા ગાંધી D) વિનોબા ભાવે

**ઉત્તરપત્ર (OMR SHEET) માં.**

Ⓐ Ⓑ ● Ⓓ Ⓔ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ **"C"** છે. આથી **"C"** નું વર્તુળ ઘાટું **(encode)** કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ઘાટુ કરવા બાબતની સૂચના **OMR** ની પાછળ આપેલ છે જેની નોંધ લેવી.

(02) **1** થી **100** પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી.
ઉમેદવારને **OMR** ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

(03) પરીક્ષા શરૂ થયેથી ઉમેદવાર અધવચ્ચેથી પરીક્ષા ખંડ છોડી શકશે નહી. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર લઈ જઈ શકશે.

(04) ઉમેદવારે પોતાના બેઠક ક્રમાંકની પ્રશ્નપુસ્તિકા અને **OMR** ઉત્તરપત્ર મળેલ છે તેની ખાતરી કરી લેવી અન્યથા ખંડ નિરીક્ષકનું તરત જ ધ્યાન દોરવું. ઉમેદવારને **OMR** ઉત્તરપત્ર મળે કે તરત જ તેમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક ક્રમાંક સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે તેમજ બેઠક ક્રમાંક નીચે આપેલ વર્તુળ પણ ઘાટુ **(encode)** કરવાનું રહેશે. મળેલ પ્રશ્નપુસ્તિકાનો કોડ નિયત જગ્યાએ લખીને તેની સાથે આપેલ વર્તુળ પણ ઘાટુ **(encode)** કરવાનું રહેશે. લખેલી વિગતો અને ઘાટુ **(encode)** કરેલ વર્તુળની વિગતો યોગ્ય રીતે ભરાયેલ છે તેની ખાતરી કરી લેવી.

(05) પ્રત્યેક સાચા જવાબદીઠ **1** (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પધ્ધતિમાં માઈનસ પધ્ધતિ દાખલ કરવામાં આવી છે. જે મુજબ - પ્રત્યેક ખોટા જવાબદીઠ, ખાલી છોડેલ જવાબદીઠ તથા છેકછાક કરેલ હોય તેવા જવાબદીઠ **OMR** ની પાછળ જણાવ્યા પ્રમાણેની ખોટી પદ્ધતિથી કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ **0.25** ગુણ કાપવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ **(E)** ઘાટુ **(encode)** કરશે તો **0.25** ગુણ કાપવામાં આવશે નહિં.

(06) **OMR** ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની ઓળખ છતી થાય તેવી નામ કે અન્ય કોઈ પણ પ્રકારની નિશાની દર્શાવવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(07) ઉત્તરપત્ર **(OMR SHEET)** માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની **OMR SHEET** (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(08) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, માર્ગદર્શિકા, કાપલી, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલકયુલેટર, બ્લુટુથ, સ્માર્ટ વોચ કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(09) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે ભૂરી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી **(White Ink)**, બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

**Q. 01.** ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા અધિનિયમ, 1960 (સન 1961નો ગુજરાત અધિનિયમ 26) ભારતના બંધારણમાં કઈ અનુસૂચિમાં દર્શાવવામાં આવેલ છે?

(A) અનુસૂચિ - 3 (B) અનુસૂચિ - 5

(C) અનુસૂચિ - 9 (D) અનુસૂચિ - 11

**Q. 02.** ભારતના બંધારણમાં મૂળભૂત હકકો ક્યા ભાગમાં દર્શાવવામાં આવ્યા છે?

(A) ભાગ - 2 (B) ભાગ - 3

(C) ભાગ - 4 (D) ભાગ - 5

**Q. 03.** લશ્કરી અથવા શૈક્ષણિક વિશિષ્ટમાન ન હોય તેવો કોઈ ખિતાબ રાજય થી એનાયત કરી શકાશે નહી. આ જોગવાઈ બંધારણની કઈ કલમમાં દર્શાવવામાં આવેલ છે?

(A) કલમ - 16 (B) કલમ - 17

(C) કલમ - 18 (D) કલમ - 19

**Q. 04.** રાષ્ટ્ર પુરુષાર્થ અને સિધ્ધિના વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે તે માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિના તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની ભારતના દરેક નાગરિકની ફરજ રહેશે. આ જોગવાઈ ભારતના બંધારણની કઈ કલમમાં કરવામાં આવેલ છે ?

(A) કલમ - 38 (B) કલમ - 49

(C) કલમ - 51 (D) કલમ - 51 - ક

**Q. 05.** જમીન, એટલે કે જમીનમાંના અથવા તે ઉપરના હકકો, જમીનદાર અને ગણોતિયા વચ્ચેના સંબંધો સહિત જમીનના સત્તા પ્રકારો અને ગણોતની વસુલાત ખેતીની જમીનની તબદીલી અને સ્વત્વાપર્ણ, જમીન સુધારણા અને ખેતી વિષયક લોન, વસાહતો ઉભી કરવી વિગેરે બાબતો ભારતના બંધારણની કઈ અનુસૂચિમાં આપવામાં આવેલ છે ?

(A) અનુસૂચિ - 2 (B) અનુસૂચિ - 5

(C) અનુસૂચિ - 7 (D) અનુસૂચિ - 8

**Q. 06.** જમીન મહેસુલ આકારવાની અને વસુલ કરવાની અને કર નાખવાની સત્તા અંગે ભારતના બંધારણની કઈ અનુસૂચિમાં જોગવાઈ કરેલ છે?

(A) અનુસૂચિ - 6 (B) અનુસૂચિ - 3

(C) અનુસૂચિ - 1 (D) અનુસૂચિ - 10

**Q. 07.** લોકસભાની દરેક સામાન્ય ચૂંટણી પછીના પહેલા સત્રને અને દરેક વર્ષના પહેલા સત્રને આરંભે રાષ્ટ્રપતિ સંસદના એકત્રિત થયેલા બંને ગૃહોને સંબોધશે અને સંસદને બોલાવવાના કારણો જણાવશે. આ જોગવાઈ બંધારણની કઈ કલમમાં કરવામાં આવેલ છે?

(A) કલમ - 86 (B) કલમ - 87

(C) કલમ - 88 (D) કલમ - 89

**Q. 08.** સંસદના સભ્યને લેવાના શપથ અથવા પ્રતિજ્ઞાનો નમૂનો ભારતના બંધારણની કઈ અનુસૂચિમાં આપવામાં આવેલ છે?

(A) અનુસૂચિ - 1 (B) અનુસૂચિ - 2

(C) અનુસૂચિ - 3 (D) અનુસૂચિ - 4

Q. 09. દરેક નાણાંકીય વર્ષ સંબંધમાં રાષ્ટ્રપતિ તે વર્ષ માટે ભારત સરકારની અંદાજી આવક તથા ખર્ચનું પત્રક જેનો વાર્ષિક નાણાંકીય પત્રક તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સંસદના બંને ગૃહો સમક્ષ રજુ કરાવશે આ જોગવાઈ ભારતના બંધારણની કઈ કલમમાં આપવામાં આવેલ છે?

(A) કલમ - 109 (B) કલમ - 110

(C) કલમ - 111 (D) કલમ - 112

Q. 10. કોની ભલામણ વગર અનુદાન માટેની કોઈ માંગણી કરી શકાશે નહી?

(A) રાષ્ટ્રપતિ (B) વડાપ્રધાન

(C) સંસદ (D) નાણાં મંત્રાલય

Q. 11. લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તથા વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તથા રાજ્યોની વિધાન પરિષદના સભાપતિ અને ઉપસભાપતિ અંગેની જોગવાઈઓ ભારતના બંધારણની કઈ અનુસૂચિમાં કરવામાં આવેલ છે?

(A) અનુસૂચિ - 4 (B) અનુસૂચિ - 3

(C) અનુસૂચિ - 2 (D) અનુસૂચિ - 1

Q. 12. અનુસુચિત જાતિ અને અનુસુચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989ના ક્યા પ્રકરણમાં હદપાર કરવા માટેની જોગવાઈ કરેલ છે?

(A) પ્રકરણ - 2 (B) પ્રકરણ - 3

(C) પ્રકરણ - 4 (D) પ્રકરણ - 5

Q. 13. અનુસુચિત જાતિ અને અનુસુચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989 ની કઈ કલમ હેઠળ અત્યાચારધારાના અસરકારક અમલ સુનિશ્ચિત કરવાની સરકારની ફરજ નકકી કરવામાં આવેલ છે?

(A) કલમ - 18 (B) કલમ - 19

(C) કલમ - 20 (D) કલમ - 21

Q. 14. ગુનેગાર પ્રોબેશન અધિનિયમ, 1958 ની જોગવાઈઓ, અનુસુચિત જાતિ અને અનુસુચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989 હેઠળનો ગુનો કરવા બદલ દોષિત જણાયેલ કેટલા વર્ષથી ઉપરની ઉંમરની કોઈ વ્યક્તિને લાગુ પડશે નહી.

(A) 14 વર્ષ (B) 16 વર્ષ

(C) 17 વર્ષ (D) 18 વર્ષ

Q. 15. અનુસુચિત જાતિ અને અનુસુચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989 ના કાયદાના ઝડપી ઈન્સાફી કાર્યવાહીના હેતુ માટે રાજય સરકાર કઈ કલમ હેઠળ વિશેષ ન્યાયાલયને આ અધિનિયમની જોગવાઈ હેઠળના ગુનાની કાર્યવાહી કરવા માટે નિર્દિષ્ટ કરશે?

(A) કલમ - 13 (B) કલમ - 14

(C) કલમ - 15 (D) કલમ - 16

Q. 16. અનુસુચિત જાતિ અને અનુસુચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989 ની કઈ કલમની જોગવાઈ હેઠળ જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટને માહિતી મળતાં અને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ ક્યાં પછી, એમ માનવાને કારણ હોય કે, પોતાની હકુમતની સ્થાનિક હદોમાંના કોઈ સ્થળમાં રહેતી અથવા અવારનવાર મુલાકાત લેતી વ્યક્તિઓનું જુથ આ અધિનિયમ હેઠળનો ગુનો કરે તેવો સંભવ છે તો તે અંગે નિવારક પગલાં લઈ શકશે?

(A) કલમ - 14 (B) કલમ - 15

(C) કલમ - 16 (D) કલમ - 17

Q. 17. અનુસુચિત જાતિ અને અનુસુચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989 ની જોગવાઈ હેઠળ ગુનો કરવાનો સંભવ હોય તે વ્યક્તિને ન્યાયાલય લેખિત હુકમ કરીને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે વિસ્તારની હદ બહાર કેટલા વર્ષથી વધુ નહી તેટલી મુદત સુધી તે વિસ્તારમાંથી તેને દૂર જતા રહેવાનું ફરમાવી શકશે?

(A) છ માસ (B) એક વર્ષ
(C) બે વર્ષ (D) ત્રણ વર્ષ

Q. 18. અનુસુચિત જાતિ અને અનુસુચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989 ની જોગવાઈ હેઠળ હદપાર કરવામાં આવેલ વ્યક્તિ હુકમની તારીખથી કેટલા દિવસની અંદર અપીલ કરી શકશે?

(A) 15 દિવસ (B) 30 દિવસ
(C) 45 દિવસ (D) 60 દિવસ

Q. 19. અનુસુચિત જાતિ અને અનુસુચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989 કઈ તારીખે અમલમાં આવ્યો ?

(A) તા. 11મી સપ્ટેમ્બર, 1989 (B) તા. 31મી ડીસેમ્બર, 1993
(C) તા. 11મી સપ્ટેમ્બર, 1990 (D) તા. 31મી ડીસેમ્બર, 1994

Q. 20. અનુસુચિત જાતિ અને અનુસુચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989 ની કઈ કલમમાં "વિશેષ પબ્લીક પ્રોસીક્યુટર"ની વ્યાખ્યા આપવામાં આવેલ છે?

(A) કલમ - 2 - ક (B) કલમ - 2 - ગ
(C) કલમ - 2 - ઘ (D) કલમ - 2 - ચ

Q. 21. અનુસુચિત જાતિ અને અનુસુચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989 માં કેટલા વ્યવહારોને અત્યાચાર તરીકે સમાવેશ કરાયા છે?

(A) 10 (B) 12
(C) 15 (D) 17

Q. 22. અનુસુચિત જાતિ અને અનુસુચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989 માં કેટલા પ્રકરણોનો સમાવેશ કરેલ છે?

(A) 5 (B) 6
(C) 7 (D) 8

Q. 23. મુંબઈ પોલીસ અધિનિયમ, 1951 ની જોગવાઈ મુજબ સમગ્ર ગુજરાત રાજ્ય માટે કઈ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલા અધિનિયમોમાંના કોઈપણ અધિનિયમ મુજબ રચેલા પોલીસ દળોના સભ્યોને સદરહુ પોલીસ દળના સભ્યો ગણવા અંગેની જોગવાઈ કરેલ છે?

(A) અનુસૂચિ - 1 (B) અનુસૂચિ - 2
(C) અનુસૂચિ - 3 (D) અનુસૂચિ - 4

Q. 24. મુંબઈ પોલીસ અધિનિયમ, 1951 ની જોગવાઈ મુજબ રાજ્ય સરકાર કઈ કલમની જોગવાઈ મુજબ એક અધિક પોલીસ ઈન્સ્પેકટર જનરલ અને એક કે વધારે નાયબ પોલીસ ઈન્સ્પેકટર જનરલ નીમી શકશે ?

(A) કલમ - 6 (1) (B) કલમ - 6 (2) (ક)
(C) કલમ - 7 (ક) (D) કલમ - 8 (1)

**Q. 25.** મુંબઈ પોલીસ અધિનિયમ, 1951 ની જોગવાઈ મુજબ રાજ્ય સરકાર જે કોઈ પણ ક્ષેત્ર માટે પોલીસ કમિશ્નર નિમવામાં આવ્યા હોય તેવા કોઈપણ ક્ષેત્ર માટે જરૂરી જણાય તેટલી સંખ્યામાં પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટો નીમી શકશે. આ જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવેલ છે?

(A) કલમ - 10 (1) (B) કલમ - 10 (2)

(C) કલમ - 11 (1) (D) કલમ - 11 (2) (પરંતુક)

**Q. 26.** મુંબઈ પોલીસ અધિનિયમ, 1951 ની જોગવાઈ મુજબ ઈન્સ્પેકટર અથવા તેથી નીચેના દરજ્જાના દરેક પોલીસ અધિકારીને, તેમની નિમણુંક થયે, કઈ અનુસુચિમાં ઠરાવેલા નમુનામાં નિમણુંકનું એક પ્રમાણપત્ર આપવામાં આવશે?

(A) અનુસૂચિ - 1 (B) અનુસૂચિ - 2

(C) અનુસૂચિ - 3 (D) અનુસૂચિ - 4

**Q. 27.** મુંબઈ પોલીસ અધિનિયમ, 1951 ની જોગવાઈ મુજબ જિલ્લાના જિલ્લા સુપ્રિન્ટેન્ડન્ટ અને જિલ્લા પોલીસ દળ કોના નિયંત્રણ હેઠળ રહેશે?

(A) જિલ્લા મેજીસ્ટ્રેટ (B) મેજીસ્ટ્રેટ, જિલ્લા સેસન્સ કોર્ટ

(C) જિલ્લા પોલીસ વડા (D) રાજ્ય સરકાર

**Q. 28.** મુંબઈ પોલીસ અધિનિયમ, 1951 ની કઈ કલમમાં પોલીસ દળનું નિયમન કરવા બાબત તથા તેના ઉપર નિયંત્રણ રાખવા બાબત તથા શિસ્ત બાબતે નિયમો ઘડવાની જોગવાઈ કરેલ છે?

(A) કલમ - 22 (1) (B) કલમ - 22 (3)

(C) કલમ - 22 (ક) (3) (D) કલમ - 23

**Q. 29.** મુંબઈ પોલીસ અધિનિયમ, 1951 ની જોગવાઈ મુજબ પોલીસ અધિકારી સામે પસાર કરવામાં આવેલા કોઈ હુકમ સામેની અપીલ, રાજ્ય સરકારને પોતાને અથવા રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નિર્દિષ્ટ કરે તેવા અધિકારીને કરી શકાશે. આવી અપીલ, જેની સામે અપીલ કરવામાં આવી હોય તે હુકમની તારીખથી કેટલા દિવસની મુદતની અંદર દાખલ કરવી જોઈશે?

(A) 30 દિવસ (B) 45 દિવસ

(C) 60 દિવસ (D) 90 દિવસ

**Q. 30.** મુંબઈ પોલીસ અધિનિયમ, 1951 ની કઈ કલમની જોગવાઈ મુજબ ઈમારતી લાકડા, પાલકના વાંસ, સીડીઓ, લોખંડના થાંભલા, ભારોટીયા અથવા સળીયા, બોઈલરો અથવા બીજી ભારે વસ્તુઓ, મહોલ્લામાંથી કેવી રીતે લઈ જવી તેનું તથા તે કયે માર્ગે તથા ક્યે વખતે લઈ જવી તેનું નિયમન કરવા તથા તે બાબત ઉપર નિયંત્રણ રાખવા માટે જોગવાઈ કરેલ છે?

(A) કલમ - 33 (કક) (B) કલમ - 33 (ઘક)

(C) કલમ - 33 (ઘખ) (D) કલમ - 33 (જ)

**Q. 31.** મુંબઈ પોલીસ અધિનિયમ, 1951 ની કઈ કલમની જોગવાઈ મુજબ જિલ્લા મેજીસ્ટ્રેટ પોતાના હવાલામાં હોય તે વિસ્તારમાં લોકોમાં સુલેહ રાખવા સારૂ શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની બંધી ફરમાવી શકશે?

(A) કલમ - 33 (2) (B) કલમ - 34

(C) કલમ - 37 (1) (ક) (D) કલમ - 35 (3) - સ્પષ્ટીકરણ

**Q. 32.** મુંબઈ પોલીસ અધિનિયમ, 1951 ની કઈ કલમમાં જિલ્લા મેજીસ્ટ્રેટે વળતર અપાવવું અથવા વળતર વહેંચી આપવું તેવી જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) કલમ - 49 (B) કલમ - 50

(C) કલમ - 51 (D) કલમ - 52

**Q. 33.** ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 ની કઈ કલમ હેઠળ ટોળી અથવા મંડળીને વિખેરવાની જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) કલમ - 33 (B) કલમ - 37

(C) કલમ - 44 (D) કલમ - 55

**Q. 34.** મોટર વાહન અધિનિયમ, 1988 ની જોગવાઈ મુજબ જે કોઈ વ્યક્તિ ટીકીટ સિવાય સ્ટેજ કેરેજ માં મુસાફરી કરે અને તપાસણી અધિકારી ધ્વારા તપાસના સમયે ઉતરતી વખતે રજુ ન કરે અથવા ટીકીટ માંગવામાં આવે અને રજુ ન કરે તો તે વ્યક્તિને કેટલી રકમ સુધીનો દંડ થશે?

(A) રૂા. 1000/- (B) રૂા. 5000/-

(C) રૂા. 750/- (D) રૂા. 500/-

**Q. 35.** મોટર વાહન અધિનિયમ, 1988 ની જોગવાઈ મુજબ મોટર વાહન ચલાવવાની બાબતમાં કેટલા વર્ષથી ઓછી ઉંમરની કોઈપણ વ્યક્તિ જાહેરમાર્ગમાં મોટર વાહન ચલાવી શકશે નહી?

(A) 18 વર્ષ (B) 20 વર્ષ

(C) 17 વર્ષ (D) 16 વર્ષ

**Q. 36.** મોટર વાહન અધિનિયમ, 1988 ની જોગવાઈ મુજબ પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તા મંડળને કરેલી અરજી ઉપરથી સત્તા મંડળને યોગ્ય લાગે તેવા સુધારા વધારા કરીને સ્ટેજ કેરેજ ની પરમીટ કેટલી વધુ શરતો જોડીને આપી શકશે?

(A) 12 (B) 14

(C) 20 (D) 24

**Q. 37.** મોટર વાહન અધિનિયમ, 1988 ની કઈ કલમમાં નોંધણી વિના વાહનો વાપરવા માટે જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) કલમ - 192 (B) કલમ - 193

(C) કલમ - 195 (D) કલમ - 197

**Q. 38.** મોટર વાહન અધિનિયમ, 1988 ની કઈ કલમમાં ડ્રાઈવીંગ માટેના લાયસન્સની આવશ્યક્તાની જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) કલમ - 5 (B) કલમ - 3

(C) કલમ - 7 (D) કલમ - 9

**Q. 39.** મોટર વાહન અધિનિયમ, 1988 ની જોગવાઈ મુજબ વધુમાં વધુ કેટલા સમયની મુદત સુધી હંગામી નોંધણી માન્ય ગણાશે?

(A) છ માસ (B) ત્રણ માસ

(C) બે માસ (D) એક માસ

**Q. 40.** મોટર વાહન અધિનિયમ, 1988 ની જોગવાઈ મુજબ જે વ્યક્તિને પરમીટ આપેલું હોય તે વ્યક્તિ મૃત્યુ પામે ત્યારે તેના અનુગામી પરમીટ ધરાવનારના મૃત્યુની તારીખથી કેટલા દિવસની અંદર પરમીટ ઈસ્યુ કરનાર સત્તાધિકારી સમક્ષ અથવા વાહન વ્યવહાર સત્તા મંડળને મૃત્યુની અને પરમીટ ઉપયોગ કરવા માટેના પોતાના ઈરાદાની જાણ કરવી જોઈશે?

(A) 15 દિવસ (B) 30 દિવસ
(C) 45 દિવસ (D) 60 દિવસ

**Q. 41.** મોટર વાહન અધિનિયમ, 1988 કઈ તારીખે અમલમાં આવેલ છે?

(A) તા. 1-7-1988 (B) તા. 1-9-1994
(C) તા. 31-7-1989 (D) તા. 1-7-1989

**Q. 42.** મોટર વાહન અધિનિયમ, 1988 ની જોગવાઈ મુજબ ''કોન્ટ્રેક્ટ કેરેજ''ની વ્યાખ્યા કઈ કલમમાં દર્શાવવામાં આવેલ છે?

(A) કલમ - 2 (7) (B) કલમ - 2 (9)
(C) કલમ - 2 (5) (D) કલમ - 2 (6)

**Q. 43.** મોટર વાહન અધિનિયમ, 1988 ની જોગવાઈ મુજબ પરમીટ ધરાવનાર વ્યક્તિનું અવસાન થાય ત્યારે પરમીટમાં ઉલ્લેખ કરવામાં આવેલ વાહનના કબજાની મૃત્યુ પામનાર વ્યક્તિના અનુગામી વ્યક્તિ કેટલા સમયની મુદત સુધી જાણે કે તેને તે આપવામાં આવી હોય તે પરમીટનો ઉપયોગ કરી શકશે?

(A) એક માસ (B) બે માસ
(C) ત્રણ માસ (D) છ માસ

**Q. 44.** મોટર વાહન અધિનિયમ, 1988 ની જોગવાઈ મુજબ ખાનગી સેવા વાહન એટલે ભાડા થી વ્યક્તિઓ લઈ જવા-લાવવાના હેતુ માટે ડ્રાઈવર સિવાય કેટલી વ્યક્તિ કરતાં વધુ વ્યક્તિઓને લાવવા-લઈ જવા માટે બનાવેલ અથવા અનુકૂળ કરેલ અને સામાન્ય રીતે અથવા વાહનના માલિકો અથવા તેના વતી ઉપયોગ કરેલ મોટર વાહન .......

(A) છ (B) આઠ
(C) ચાર (D) બે

**Q. 45.** ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 ની કઈ કલમમાં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1947 રદ કરવા બાબતની જોગવાઈ કરેલ છે?

(A) કલમ - 25 (B) કલમ - 28
(C) કલમ - 30 (D) કલમ - 32

**Q. 46.** ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 ની જોગવાઈ મુજબ કોઈપણ રાજ્ય સેવક સામે માંડી શકાય તેવી કોઈ કાર્યવાહીમાંથી તેને મુક્તિ મળશે નહી. આ અંગેની જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવેલ છે?

(A) કલમ - 28 (B) કલમ - 30
(C) કલમ - 32 (D) કલમ - 34

**Q. 47.** ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988ની જોગવાઈ મુજબ કોઈ ગુના માટે આરોપી ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય ત્યારે તહોમતનામામાં જે મિલકત અંગે ગુનો કર્યો હોવાનું કહેવાતું હોય તે મિલકત અને જે તારીખો વચ્ચે ગુનો કર્યો હોવાનું કહેવાતુ હોય તે તારીખો ખાસ વિગતો દર્શાવ્યા વિના વર્ણવવામાં આવે તો તે પુરતુ ગણાશે. પરંતુ એવી પહેલી અને છેલ્લી તારીખ વચ્ચેનો સમય, કેટલા વર્ષથી વધુ હોવો જોઈશે નહીં?

(A) પાંચ વર્ષ (B) ત્રણ વર્ષ
(C) બે વર્ષ (D) એક વર્ષ

**Q. 48.** ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 ની જોગવાઈ હેઠળના કોઈ ગુના માટે કોઈ રાજ્ય સેવક સામેની કોઈપણ કાર્યવાહીમાં કોઈ વ્યક્તિએ, એવું કથન કર્યુ હોય કે, પોતે, તે રાજ્યસેવકને કોઈ તોષણ અથવા કિંમતી વસ્તુ આપવાની તૈયારી અથવા આપવાની સંમતિ બતાવી હતી તો તેવા કથન ઉપરથી તેવી વ્યક્તિ સામે કઈ કલમ હેઠળ ફોજદારી કામ ચલાવી શકાશે નહી?

(A) કલમ - 9 (B) કલમ - 10
(C) કલમ - 12 (D) કલમ - 13

**Q. 49.** ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 ની કઈ કલમમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973ની જોગવાઈઓમાં કલમ 309 ની પેટા-કલમ (2) માં ત્રીજા પરંતુક પછી નવો પરંતુક "વધુમાં એવી કાર્યવાહીના કોઈ પક્ષકારે કલમ 397 હેઠળ અરજી કરી હોય એ જ કારણે કાર્યવાહી મોકુફ કે મુલત્વી રાખી શકાશે નહી". તેવી જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) કલમ - 17 (B) કલમ - 19
(C) કલમ - 21 (D) કલમ - 22

**Q. 50.** ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 ની જોગવાઈ મુજબ ક્યા દરજ્જાથી ઉતરતા દરજ્જાના કોઈ પોલીસ અધિકારી, કોઈ વ્યક્તિના હિસાબો સંબંધી બેન્કરના ચોપડા તપાસવાની સત્તા વાપરી શકશે નહી?

(A) પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ (B) પોલીસ ઈન્સ્પેકટર
(C) પોલીસ સબ ઈન્સ્પેકટર (D) નાયબ પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ

**Q. 51.** ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 ની જોગવાઈ મુજબ અધિનિયમની કલમ 9 હેઠળ શિક્ષાને પાત્ર ગુનો કરે, તે વ્યક્તિને કેટલા વર્ષથી ઓછી ન હોય તેટલી પણ સાત વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે અને તે દંડને પણ પાત્ર થશે?

(A) એક વર્ષ (B) બે વર્ષ
(C) અઢી વર્ષ (D) ત્રણ વર્ષ

**Q. 52.** ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 ની જોગવાઈ મુજબ લાંચ આપીને અથવા ગેરકાયદેસર સાધન દ્વારા પોતાના માટે અથવા અન્ય કોઈ વ્યક્તિ માટે, કિંમતી વસ્તુ અથવા નાણાંકીય લાભ મેળવે કે તે અંગે ગુનો કરવાની કોશીષ કરે તો......

(A) એક વર્ષ સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે.
(B) બે વર્ષ સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે.
(C) ત્રણ વર્ષ સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે.
(D) સાત વર્ષ સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે.

**Q. 53.** ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 ની કઈ કલમ હેઠળ ખાસ ન્યાયાધિશોની નિમણુંક કરવાની સત્તા રાજ્ય સરકારને આપવામાં આવેલ છે?

(A) કલમ - 5 (B) કલમ - 7
(C) કલમ - 4 (D) કલમ - 3

**Q. 54.** આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ, 1955 ની કલમ - 12 (ક) ની પેટા-કલમ (1) માં દર્શાવેલ કોઈ ખાસ હુકમનું ઉલ્લંઘન કરવા સંબંધી કોઈ રાજ્ય સેવકે ગુનો કર્યો હોવાનું કહેવાતા, કલમ 3 ની પેટા-કલમ (1) માં નિર્દિષ્ટ કરેલા કોઈ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરતા હોય ત્યારે સંક્ષિપ્ત ઈન્સાફી કાર્યવાહીમાં કોઈ ગુના સાબિતીના કેસમાં ખાસ ન્યાયાધિશ કેટલા માસથી વધુ ન હોય તેટલી મુદત સુધીની કેદની સજા કરે તો તે કાયદેસર ગણાશે?

(A) એક માસ
(B) ત્રણ માસ
(C) બાર માસ
(D) અઢાર માસ

**Q. 55.** ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 ની કઈ કલમ હેઠળ રાજ્ય સેવકની વ્યાખ્યા આપવામાં આવેલ છે?

(A) કલમ - 2 (ક)
(B) કલમ - 2 (ખ)
(C) કલમ - 2 (ગ)
(D) આવી કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી.

**Q. 56.** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈ મુજબ ઉચ્ચ ન્યાયાલયો અને આ અધિનિયમ સિવાયના તે સમયે અમલમાં હોય તેવા કાયદા હેઠળ રચાયેલા ન્યાયાલયો ઉપરાંત દરેક રાજ્યમાં કેટલા વર્ગોના ફોજદારી ન્યાયાલયો રહેશે ?

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) પાંચ

**Q. 57.** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈ મુજબ દરેક મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સેશન્સ જજના નિયંત્રણને આધીન રહીને કોની સત્તા નીચે રહેશે ?

(A) ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
(B) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
(C) ડીસ્ટ્રીકટ સેશન્સ જજ
(D) જિલ્લા મેજીસ્ટ્રેટ

**Q. 58.** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈ મુજબ નીચેનામાંથી કોની સાથે વિચાર વિનિમય કરીને, પોતાના અભિપ્રાય મુજબ જેઓ તે માટે પબ્લીક પ્રોસીક્યુટરો કે વધારાના પબ્લીક પ્રોસીક્યુટરો તરીકે નિમાવાને લાયક હોય તેવી વ્યક્તિઓના નામોની યાદી તૈયાર કરશે ?

(A) જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા સેશન્સ જજ
(B) કલેકટર અને ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
(C) જિલ્લા મેજીસ્ટ્રેટ અને સેશન્સ જજ
(D) જિલ્લા મેજીસ્ટ્રેટ અને કાયદા વિભાગ

**Q. 59.** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈ મુજબ પહેલા વર્ગના મેજીસ્ટ્રેટનું ન્યાયાલય વધુમાં વધુ કેટલા વર્ષ સુધીની કેદની સજા અથવા વધુમાં વધુ કેટલા રૂપિયા સુધીના દંડની સજા અથવા બંને સજા ફરમાવી શકશે ?

(A) 2 વર્ષ સુધીની કેદની સજા અથવા રૂા. 3,000/- સુધીના દંડની સજા
(B) 3 વર્ષ સુધીની કેદની સજા અથવા વધુમાં વધુ રૂા. 5,000/- સુધીના દંડની સજા
(C) 1 વર્ષ સુધીની કેદની સજા અથવા વધુમાં વધુ રૂા. 1,000/- સુધીના દંડની સજા
(D) 2 વર્ષ સુધીની કેદની સજા અથવા રૂા. 5,000/- સુધીના દંડની સજા

**Q. 60.** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની કઈ કલમની જોગવાઈ હેઠળ પોલીસ અધિકારના ગુના સાથે સંકળાયેલ હોય અથવા તે રીતે સંકળાયેલ હોવાની જેની સામે વ્યાજબી ફરીયાદ કરવામાં આવી હોય અથવા વિશ્વાસપાત્ર માહીતી મળી હોય તે વ્યક્તિને કોઈપણ પોલીસ અધિકારી મેજીસ્ટ્રેટના હુકમ વિના અને વગર વોરંટે પકડી શકશે?

(A) કલમ - 37 (ક)
(B) કલમ - 39 (1)
(C) કલમ - 41 (1)
(D) કલમ - 43 (1)

**Q. 61.** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની કઈ કલમની જોગવાઈ હેઠળ પોલીસ અધિકારીએ પકડેલ હોઈ વ્યક્તિને તેનો મુચરકો કે તેના જામીન લીધા સિવાય અથવા કોઈ મેજીસ્ટ્રેટના ખાસ હુકમ સિવાય, છોડી શકશે નહી ?

(A) કલમ - 19
(B) કલમ - 43
(C) કલમ - 53
(D) કલમ - 59

**Q. 62.** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈ હેઠળ ધરપકડનું વોરંટ અને તેની મુદત કેટલા સમય સુધી અમલમાં રહેશે ?

(A) આવું દરેક વોરંટ, કાઢનાર ન્યાયાલય ત્રણ વર્ષ સુધી અમલમાં રાખી શકશે.
(B) આવુ દરેક વોરંટ, કાઢનાર ન્યાયાલય પાંચ વર્ષ સુધી અમલમાં રાખી શકશે
(C) આવું દરેક વોરંટ, કાઢનાર ન્યાયાલય તેને રદ ન કરે ત્યાં સુધી અથવા તે બજાવવામાં ન આવે ત્યાં સુધી અમલમાં રહેશે.
(D) આવું દરેક વોરંટ, કાઢનાર ન્યાયાલય ગમે ત્યારે રદ કરી શકશે.

**Q. 63.** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈ હેઠળ કોઈ ન્યાયાલયને પુરાવો લઈને કે લીધા વિના એમ માનવાને કારણ હોય કે જેની ઉપર પોતે વોરંટ કાઢયું તે વ્યક્તિ, વોરંટ ન બજાવી શકાય તે માટે ફરાર થયેલ છે અથવા સંતાતો ફરે છે. તો તે ન્યાયાલય તે વ્યક્તિને નિર્દિષ્ટ ઠરે અને તે જાહેરનામુ પ્રસિધ્ધ થયાની તારીખથી કેટલા દિવસથી વહેલા નહી તેવા નિર્દિષ્ટ સમયે હાજર રહેવા ફરમાવતું લેખિત જાહેરનામુ પ્રસિધ્ધ કરી શકશે?

(A) 15 દિવસ
(B) 30 દિવસ
(C) 45 દિવસ
(D) 60 દિવસ

**Q. 64.** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈ હેઠળ જે વર્તમાનપત્ર, પુસ્તક અથવા અન્ય દસ્તાવેજ અંગે આ અધિનિયમની જોગવાઈ મુજબ જપ્તી જાહેરાત કરવામાં આવી હોય, તેમાં હીત ધરાવનાર કોઈ વ્યક્તિ, તે જાહેરાત રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી કેટલા મહીનાની અંદર જે વર્તમાનપત્રમાં કે પુસ્તક કે અન્ય દસ્તાવેજ અંગે જાહેરાત કરવામાં આવી હતી તેમાં આ અધિનિયમમાં ઉલ્લેખ થયેલા કોઈપણ પ્રકારની કોઈ બાબત સમાયેલી ન હતી તે કારણે તે જાહેરાત રદ કરવા ઉચ્ચ ન્યાયાલયને અરજી કરી શકશે?

(A) 6 મહીના
(B) 3 મહીના
(C) 2 મહીના
(D) 1 મહીના

**Q. 65.** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈ હેઠળ રીઢા ગુનેગારો પાસેથી સારા વર્તન માટેની જામીનગીરી અંગેની જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવેલ છે?

(A) કલમ - 106 (B) કલમ - 108
(C) કલમ - 110 (D) કલમ - 113

**Q. 66.** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈ હેઠળ પુરતા સાધનો હોવાછતાં, કોઈ વ્યક્તિ પોતાની પત્નિનું ભરણપોષણ કરવામાં બેદરકાર રહે અથવા તેનું ભરણપોષણ કરવાની ના પાડે, તો પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ બેદરકારી કે ના પાડયાનું પુરવાર થયે તેની પત્નિના ભરણપોષણ માટે વધુમાં વધુ એકંદર કેટલી રકમ સુધીના માસિક દરે દર મહીને ભરણપોષણની રકમ આપવાનો તે વ્યક્તિને હુકમ કરી શકશે?

(A) રૂા. 250/- (B) રૂા. 500/-
(C) રૂા. 1,000/- (D) રૂા. 2,000/-

**Q. 67.** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની જોગવાઈ હેઠળ કોઈ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટને પોલીસ અધિકારીનો રીપોર્ટ મળ્યા ઉપરથી અને પોતાને લેવાનું લાગે તેવો કોઈ પુરાવો લીધા પછી એમ લાગે કે આગ લાગવાનો કે ધડાકો થવાનો સંભવ હોય એવું કોઈ મકાનનું બાંધકામ થતુ અથવા કોઈપણ પદાર્થનો નિકાલ થતો અટકાવવો કે બંધ કરવો જોઈએ તે અંગે હુકમ કરી કઈ કલમની જોગવાઈ હેઠળ ફરમાવી શકશે.

(A) કલમ - 129 (1) (B) કલમ - 133 (1)
(C) કલમ - 137 (D) કલમ - 139

**Q. 68.** ગર્ભવતી સ્ત્રી નિર્જીવ બાળકના જીવ સાથે જાતે આત્મહત્યા કરી લેવાનું વિચારી ન શકે સિવાય કે તેના પતિ ધ્વારા બાળક માટે ભયાનક ઉશ્કેરણી થતી હોય. આવી ઉશ્કેરણી ભારતીય દંડસંહિતાની કઈ કલમ હેઠળ ‘‘ભયંકર ઉશ્કેરણી’’ ગણાય?

(A) કલમ - 107 (B) કલમ - 306
(C) કલમ - 498 (D) કલમ - 498 (એ)

**Q. 69.** ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 કાયદો કોણે ઘડેલ હતો?

(A) સર બી.એન.રાવ (B) ડો. બી.આર. આંબેડકર
(C) લોર્ડ મેકોલે (D) લોર્ડ વેલેસ્લી

**Q. 70.** ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 માં કુલ કેટલી કલમો અને કુલ કેટલા પ્રકરણોનો સમાવેશ થાય છે?

(A) 511 કલમો અને 23 પ્રકરણો (B) 510 કલમો અને 24 પ્રકરણો
(C) 446 કલમો અને 22 પ્રકરણો (D) 556 કલમો અને 23 પ્રકરણો

**Q. 71.** મિલકત સંબંધી ગુનાઓને લગતી કલમોનો સમાવેશ ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 ના ક્યા પ્રકરણમાં કરવામાં આવેલ છે?

(A) પ્રકરણ - 13 (B) પ્રકરણ - 15
(C) પ્રકરણ - 17 (D) પ્રકરણ - 19

**Q. 72.** કોઈ વ્યક્તિ ન્યાયિક કાર્યવાહીમાં કોઈપણ તબકકે ઈરાદાપૂર્વક ખોટો પુરાવો આપે અથવા તેની કાર્યવાહીમાં ઉપયોગમાં લેવાય તે હેતુથી ખોટો પુરાવો ઉભો કરે તેને સાત વર્ષની શિક્ષા કઈ કલમની જોગવાઈ હેઠળ કરવામાં આવે છે?

(A) કલમ - 188 (B) કલમ - 193
(C) કલમ - 199 (D) કલમ - 211

Q. 73. "મનુષ્ય વધ" એટલે homicide શબ્દ એ કઈ ભાષામાંથી ઉતરી આવ્યો છે?

(A) સંસ્કૃત (B) પાલી

(C) લેટિન (D) અંગ્રેજી

Q. 74. જો કોઈ વ્યક્તિ, પોતે આજીવન કેદની સજા ભોગવતી હોય અને ખૂન કરે તો તેને ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 ની કલમ હેઠળ મોતની શિક્ષા કરવામાં આવશે ?

(A) કલમ - 301 (B) કલમ - 303

(C) કલમ - 304 (D) કલમ - 304 - એ

Q. 75. દહેજ નો અર્થ સમજવા માટે ડાવરી પ્રોહીબીશન એક્ટ (દહેજ પ્રતિબંધક અધિનિયમ) 1961ની કઈ કલમમાં તેની વ્યાખ્યા આપવામાં આવેલ છે?

(A) કલમ - 2 (B) કલમ - 4

(C) કલમ - 6 (D) કલમ - 8

Q. 76. ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 ની કઈ કલમ હેઠળ ભારત સરકાર સામે લડાઈ કરવા, સામનો કરવા અથવા લડાઈ કરવાની કોશીશ કરવા અથવા લડાઈ કરવાનું દુષ્પ્રેષણ કરે તો તેને મોતની અથવા આજીવન કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પાત્ર થશે?

(A) કલમ - 121 - એ (B) કલમ - 120 - એ

(C) કલમ - 120 (D) કલમ - 121

Q. 77. હુલ્લડ વગેરે અટકાવવાનું કામ કરતા હોય ત્યારે રાજયસેવક ઉપર હુમલો કરવા અથવા તેમ અડચણ કરનાર વ્યક્તિને ભારતીય ફોજદારી અધિનિયમની કલમ 152 અંતર્ગત કેટલા વર્ષનો સજા પાત્ર ગુનો બને છે?

(A) એક વર્ષ (B) બે વર્ષ

(C) ત્રણ વર્ષ (D) પાંચ વર્ષ

Q. 78. "ઉમેદવાર" અને "ચૂંટણી વિષયક હક્ક" ની વ્યાખ્યા ભારતીય ફોજદારી અધિનિયમ, 1860ની કઈ કલમમાં આપવામાં આવેલ છે?

(A) કલમ - 171 - એ (B) કલમ - 171 - બી

(C) કલમ - 171 - સી (D) કલમ - 171 - ડી

Q. 79. ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 ની જોગવાઈ મુજબ ભાંગ-ગાંજાની ખેતી કરે કે સંગ્રહ કરે તો તેવી વ્યક્તિનો ગુનો પુરવાર થયેથી પ્રત્યેક ગુના સબબ 10 વર્ષ સુધીની કેદની અને કેટલી રકમ સુધીનો દંડની શિક્ષાને પાત્ર બનશે?

(A) રૂપિયા પચાસ હજાર (B) રૂપિયા એક લાખ

(C) રૂપિયા અઢી લાખ (D) રૂપિયા પાંચ લાખ

Q. 80. ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 ની જોગવાઈ મુજબ સત્તા વાપરતા જે કોઈ અધિકારી અથવા વ્યક્તિ આ કાયદા મુજબ ધરપકડ કરેલ હોઈ વ્યક્તિને નાસી જવામાં મદદગારી કરે તેને ગુનેગાર ઠર્યેથી કેટલા વર્ષ સુધીની કેદની સજા થશે?

(A) એક વર્ષ (B) બે વર્ષ

(C) ત્રણ વર્ષ (D) પાંચ વર્ષ

**Q. 81.** ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 ની જોગવાઈ મુજબ તમામ તપાસ, ધરપકડ, હવાલામાં અટકાયત અને ઝડતી ફોજદારી કામ ચલાવવાની રીતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973ની જોગવાઈ અનુસાર કરવી તેવી જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવેલ છે?

(A) કલમ - 65 - એ
(B) કલમ - 117
(C) કલમ - 59 - એ
(D) કલમ - 132

**Q. 82.** ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 ની જોગવાઈ મુજબ લઠ્ઠાની વ્યાખ્યામાં નીચેનામાંથી કઈ બાબતોનો સમાવેશ થાય છે?

(A) એવો બનાવટી દારૂ જેમાં મીથેનોલ હોય અથવા માનવ શરીરને નુકશાનકારક અથવા હાનિકારક અસરો થાય તેવો ઝેરી પદાર્થ હોય
(B) સ્પીરીટ, વિકૃત કરેલો સ્પીરીટ, આલ્કોહોલીક પ્રવાહીઓ કે આલ્કોહોલથી બનાવેલ પ્રવાહીઓ.
(C) જેમાં ખમીર ચઢી શકે તેવી ખાંડ દ્રાવણરૂપે અથવા તરી રૂપે હોય તેવો ગોળ અથવા ખાંડ બનાવવાના છેલ્લાં તબકકે ઉત્પન્ન થયેલું ભારે કાળા રંગનું ચીકણું પ્રવાહી
(D) વિકૃત કરેલ સ્પીરીટ કે આલ્કોહોલ કે તેવા સ્પીરીટ કે આલ્કોહોલનું પ્રવાહી સ્વરૂપમાં બનાવટ તથા વાર્નીસનો સમાવેશ થાય છે

**Q. 83.** ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 ની જોગવાઈ મુજબ કોઈપણ દારૂ જપ્ત ર્ક્યો હોય તેવા નશાબંધી અધિકારી અથવા પોલીસ અધિકારીએ સમય ગુમાવ્યા વિના તે દારૂનો નમૂનો વિગતવાર પૃથ્થકરણ રીર્પોટ માટે ક્યા સ્થળે તાત્કાલિક મોકલવાની ફરજ રહેશે?

(A) જિલ્લાની સીવીલ હોસ્પીટલને
(B) તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને
(C) કોમ્યુનીટી હેલ્થ સેન્ટરને
(D) રાજયની ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાને

**Q. 84.** ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 ની જોગવાઈ મુજબ આ કાયદામાં સન 2016 નો ગુજરાત વટહુકમ નં. 7 થી સુધારો કરેલ છે. જેનો અમલ નીચેનામાંથી કઈ તારીખથી કરવામાં આવેલ છે?

(A) તા. 15-4-2016
(B) તા. 13-12-2016
(C) તા. 19-12-2016
(D) તા. 16-9-2016

**Q. 85.** ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 ની જોગવાઈ મુજબ આ કાયદા મુજબ રાજ્ય સરકાર કોઈપણ વસ્તુને નશાયુક્ત દારૂ તરીકે ઉપયોગ માટે યોગ્ય છે કે કેમ તે હેતુસર કેટલા સભ્યો કે તેથી ઓછી નહી તેટલી સંખ્યાના તથા લાયકાત પાત્ર સભ્યોનું એક નિષ્ણાંત બોર્ડ રચશે?

(A) ત્રણ કે તેથી ઓછી નહી
(B) પાંચ કે તેથી ઓછી નહી
(C) છ કે તેથી ઓછી નહી
(D) સાત કે તેથી ઓછી નહી

**Q. 86.** ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 ની જોગવાઈ મુજબ અધિનિયમની કઈ કલમ હેઠળ એક કે વધારે તબીબી બોર્ડો કે પેનલની રચના કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) કલમ - 4
(B) કલમ - 6
(C) કલમ - 8
(D) કલમ - 10

**Q. 87.** ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 ની જોગવાઈ મુજબ જે વ્યક્તિ, પરદેશી દેશનો નાગરિક હોય કે ભારતીય નાગરિક હોય તથા ભારતના જે ભાગમાં દારૂનો ઉપયોગ કરતો હોય તેવી વ્યક્તિને મુસાફરી માટેની પરમીટ એક જ સમયે વધુમાં વધુ કેટલા સપ્તાહની મુદત માટે આપવાની જોગવાઈ છે?

(A) એક સપ્તાહ

(B) બે સપ્તાહ

(C) ત્રણ સપ્તાહ

(D) આવી કોઈ જોગવાઈ નથી

**Q. 88.** ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 ની જોગવાઈ મુજબ પરવાના ધારકને પરવાનો રદ કે મોકુફ કરાવવા બદલ વળતર કે ફી પરત મેળવવા અરજી કરે તો સત્તાધિકારી નીચેનામાંથી ક્યા વિકલ્પ મુજબ વળતર કે ફી પરત કરી શકશે?

(A) પરવાના માટે ભરવામાં આવેલ ફી પરત કરવામાં આવશે

(B) પરવાના માટે અનામત મુક્વામાં આવેલ રકમ પરત કરવામાં આવશે

(C) પરવાના માટે ભરવામાં આવેલી ફી અને અનામત મુક્વામાં આવેલ રકમ બંને પરત કરવામાં આવશે

(D) વળતર કે ફી પરત મેળવવા પરવાનાધારક હકકદાર રહેશે નહી.

**Q. 89.** ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 ની જોગવાઈ મુજબ કોઈ વ્યક્તિએ ખાસ કોના ખાસ પાસ મુજબ હોય તે વિના મહુડાની નિકાસ કે આયાત કરી શકાશે નહી?

(A) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ

(B) કલેક્ટર

(C) મામલતદાર

(D) જિલ્લા વિકાસ અધિકારી

**Q. 90.** ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈ મુજબ કોઈ દસ્તાવેજ ઉપર શાખ કરવાનું કાયદા મુજબ આવશ્યક હોય અને શાખ કરનાર કોઈ સાક્ષી હયાત હોય અને ન્યાયાલયની કામગીરી હુકમને આધિન હોય અને પુરાવો આપવાને શક્તિમાન હોય તો તે દસ્તાવેજ થયાની હકીક્ત સાબિત કરવાના હેતુ માટે શાખ કરનાર ઓછામાં ઓછા કેટલા સાક્ષી બોલાવવામાં આવે નહી ત્યાં સુધી તે દસ્તાવેજનો પુરાવા તરીકે ઉપયોગ કરી શકાશે નહી?

(A) એક

(B) બે

(C) ત્રણ

(D) ઉપરના ત્રણમાંથી એકપણ નહી

**Q. 91.** ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈ મુજબ શાખ કરનાર સાક્ષી દસ્તાવેજ થયાની હકીક્તનો ઈન્કાર કરે અથવા દસ્તાવેજ થયાનું તેને યાદ ન હોય તો તે .....

(A) તે થયાની હકીક્ત બીજા પુરાવાથી સાબિત કરી શકાશે નહી

(B) તે થયાની હકીક્ત બીજા પુરાવાથી સાબિત કરી શકાશે.

(C) શાખ કરનાર સાક્ષીને હાજર થવાનો સમન્સ કાઢવામાં આવશે.

(D) શાખ કરનાર સાક્ષી હાજર થવાના સમન્સથી હાજર ન રહે તો વોરંટ કાઢવામાં આવશે.

**Q. 92.** ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈ મુજબ જાહેર દસ્તાવેજોમાં કેટલા દસ્તાવેજોનો સમાવેશ થાય છે?

(A) બે

(B) ત્રણ

(C) ચાર

(D) પાંચ

**Q. 93.** ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈ મુજબ જાહેર દસ્તાવેજો નીચે જણાવેલ કેટલી પધ્ધતિની રીતે સાબિત કરી શકાશે?

(A) ચાર

(B) પાંચ

(C) છ

(D) સાત

**Q. 94.** ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈ મુજબ પ્રમાણિત નકલો ખરી હોવા વિશે માની લેવા બાબતે કઈ કલમમાં જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) કલમ - 39
(B) કલમ - 79
(C) કલમ - 97
(D) કલમ - 104

**Q. 95.** ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈ મુજબ દસ્તાવેજી સ્વરૂપ અપાયેલા કરારની ગ્રાન્ટોની અને મિલકતની બીજી વ્યવસ્થાની વિગતોનો પુરાવોની જોગવાઈમાં કેટલા અપવાદો અને કેટલા સ્પષ્ટીકરણોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે?

(A) 1 અપવાદ, 2 સ્પષ્ટીકરણ
(B) 1 અપવાદ, 3 સ્પષ્ટીકરણ
(C) 2 અપવાદ, 2 સ્પષ્ટીકરણ
(D) 2 અપવાદ, 3 સ્પષ્ટીકરણ

**Q. 96.** ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈ મુજબ મૌખિક કબુલાતનો પુરાવો નહી લેવા બાબતે કઈ કલમમાં જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) કલમ - 42
(B) કલમ - 92
(C) કલમ - 72
(D) કલમ - 109

**Q. 97.** ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈ મુજબ સાક્ષીઓ તપાસવા વિશે કઈ કલમમાં જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) કલમ - 135
(B) કલમ - 165
(C) કલમ - 60
(D) કલમ - 21

**Q. 98.** ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈ મુજબ કોઈ સાક્ષીને જેણે બોલાવ્યો હોય તે પક્ષકાર તેની તપાસ કરે તે ............

(A) ઉલટ-તપાસ કહેવાશે
(B) ફેર-તપાસ કહેવાશે
(C) સર-તપાસ કહેવાશે
(D) આવી કોઈ જોગવાઈ નથી

**Q. 99.** ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈ મુજબ ચારિત્ર્ય વિશે સાક્ષી આપનારાઓની ઉલટ-તપાસ અને ફેર-તપાસ કરી શકાશે. આ જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવેલ છે?

(A) કલમ - 110
(B) કલમ - 120
(C) કલમ - 130
(D) કલમ - 140

**Q. 100.** ભારતનો પુરાવા અધિનિયમ, 1872 ની જોગવાઈ મુજબ સૂચક પ્રશ્નો કઈ તપાસમાં પૂછી શકાશે?

(A) ઉલટ-તપાસ
(B) ફેર-તપાસ
(C) સર-તપાસ
(D) આવી કોઈ જોગવાઈ નથી

**પરીક્ષા પૂરી થયા બાદ (OMR SHEET) ઉત્તરપત્ર વર્ગ નિરીક્ષકને**
**પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે.**
**તેમ કરવામાં કસૂર થયેથી તેને શિસ્તભંગનાં પગલાં ગણી**
**પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**